# Techie Teacher



Password Protection

## પાસવર્ડની પસંદગી: જરા સંભાલ કે...



આજના ડિજીટલ યુગમાં કમ્પ્યૂટર યુઝર માટે લોગઇન આઇડી અને પાસવર્ડ જ આપણી ઓળખ બની ચૂકી છે, પરંતુ પાસવર્ડની ઓળખને હેકર્સથી બચાવવા માટે તેને યાદ રાખવો અને તેની સુરક્ષાની કાળજી લેવી અત્યંત જરૂરી બની છે. આજકાલ સામાન્ય વ્યક્તિ પણ કમ્પ્યૂટર અને સ્માર્ટ ફોનની સરળ ઉપલબ્ધતાના કારણે સતત અને અવિરત રીતે ઇન્ટરનેટનો ઉપયોગ કરવા લાગ્યો છે. ઇન્ટરનેટના વધુ ઉપયોગની સાથે હેકિંગ અને સાયબર ક્રાઇમનો ખતરો પણ વધી ગયો છે. આ પ્રકારના ખતરાથી બચવાનો ઉપાય આ બાબતની જાગૃતી અને સાવચેતી માત્ર છે. ઇ-મેઇલ કે સોશિયલ નેટવર્કિંગ જેવી તમામ કામગીરી માટે લોગઇન આઇડી અને પાસવર્ડ જરૂરી છે, ત્યારે પાસવર્ડની સુરક્ષાની કાળજી રાખી Techie Users સજાગ અને સચેત તેમજ Smart User બને તેવા શુભઆશય સાથે પ્રસ્તુત અંકમાં આ બાબતે ચર્ચા કરવામાં આવી છે. તો ચાલો પાસવર્ડની પસંદગીમાં સાવચેતીના કદમ માંડીએ.....

- તમારા પોતાના, જીવનસાથી કે બાળકોના નામે, ટેલીફોન/મોબાઇલ નંબર, જન્મ તારીખ પ્રકારના પાસવર્ડ ન રાખવાં. કારણ કે આ પ્રકારના પાસવર્ડનો સરળતાથી અંદાજ લગાવી શકાય છે.
- 12345, abcde, abc123, xyz123 પ્રકારના પાસવર્ડ ને હેક કરવા સરળ બને છે, જેથી આ પ્રકારના પાસવર્ડનો ઉપયોગ ટાળવો.
- તમારા ઇ-મેઇલ એકાઉન્ટ, સોશિયલ એકાઉન્ટ, બેંક એકાઉન્ટ વગેરેમાં એકસરખો પાસવર્ડ ન રાખો, કારણ કે જો કોઇ એક એકાઉન્ટનો પાસવર્ડ હેક થાય તો અન્ય એકાઉન્ટના પાસવર્ડ પણ સરળતાથી મળી શકે, જે મુશ્કેલી નોંતરી શકે છે.
- શક્ય હોય ત્યાં સુધી ડિક્શનેરીમાં ઉપલબ્ધ હોય તે પ્રકારનો પાસવર્ડ ક્યારે પણ પસંદ ન કરવો, કારણ કે હેકર્સ ચોક્કસ પ્રકારના સોફ્ટવેરની મદદથી અક્ષરો, આંકડાઓથી શરૂ કરી ડિક્શનેરીમાં ઉપલબ્ધ હોય તેવા તમામ શબ્દો તમારા પાસવર્ડ તરીકે અજમાવી શકે છે.
- પાસવર્ડ તરીકે કેપીટલ અને સ્મોલ આલ્ફાબેટ, નંબર અને સ્પેશિયલ કી નું કોમ્બીનેશન રાખવું યોગ્ય રહેશે.
- ક્યારેય પણ પાસવર્ડ સરળ અને ઓછા અક્ષરનો ન હોવો જોઇએ. પાસવર્ડ જેટલો મુશ્કેલ અને મોટો હોય તેટલું વધુ સારું. સામાન્ય રીતે 14 અક્ષરના પાસવર્ડને વધુ સુરક્ષિત માનવામાં આવે છે.
- પાસવર્ડને ક્યાંય પણ લખીને ન રાખો, કારણ કે જો તે અયોગ્ય વ્યક્તિના હાથમાં આવે તો મુશ્કેલી નોંતરી શકે છે.
- તમારો પાસવર્ડ કોઇને પણ ન જણાવો. ઇ-મેઇલ કે SMS દ્વારા પાસવર્ડને કદાપી ન મોકલો. જો પાસવર્ડ અન્યને જણાવવો જરૂરી જ હોય તો કામગીરી પૂરી થતાં તેને બદલી નાંખો.
- સાયબર કાફે કે કોઇ બીજા કમ્પ્યૂટર પર કામગીરી પૂરી થયા પછી તમે કરેલ કામગીરી History ને Delete કરવાનું ભૂલશો નહીં. આ માટે વેબ બ્રાઉઝરની Browsing History ને Delete કરવા Tools → Internet Option → Browsing History → Delete પ્રકારના વિકલ્પનો ઉપયોગ કરી શકાય છે.
- સમયાંતરે પાસવર્ડ બદલવાનું ન ભૂલશો. શક્ય હોય તો દર ત્રણ મહીને તમારો પાસવર્ડ બદલી નાંખવો યોગ્ય રહેશે. જો આ કામગીરી મુશ્કેલ લાગતી હોય તો પાસવર્ડમાં એક કે બે અક્ષરનો ફેરફાર ચોક્કસથી કરો.
- ઘણા કિસ્સામાં ઇ-મેઇલ દ્વારા પાસવર્ડ મોકલવામાં આવે છે. આ પ્રકારના પાસવર્ડનો એક વખત ઉપયોગ કર્યા બાદ તેને બદલી નાખવો યોગ્ય રહેશે.
- તમારો પાસવર્ડ હેક ન થાય અને તે મજબૂત પાસવર્ડ છે કે કેમ તે ચકાસવા માટે http://strongpasswordgenerator.com ઓનલાઇન પાસવર્ડ માટેની વેબસાઇટનો ઉપયોગ કરી શકાય.
- એક કરતાં વધુ પાસવર્ડને એક જ જગ્યાએ સુરક્ષિત રાખવા માટે http://keepass.info વેબસાઇટ પર ઉપલબ્ધ keepass નામના ફ્રી સોફ્ટવેરનો ઉપયોગ કરી શકાય છે. આ પ્રકારના સોફ્ટવેરમાં યુઝર એક જ માસ્ટર પાસવર્ડની મદદથી તમામ પાસવર્ડ અને ડેટાને એક્સેસ કરી શકે છે, તેમાં પાસવર્ડ અને અન્ય માહિતીને અલગ અલગ કેટેગરીમાં સ્ટોર કરવાની સુવિધા પણ આપવામાં આવી હોય છે.
- ઓનલાઇન પાસવર્ડ તૈયાર કરવા માટે http://www.onlinepasswordgenerator.com, http://freepasswordgenerotor.com/ જેવી વેબસાઇટનો ઉપયોગ કરી શકાય છે.
- ઇન્ટરનેટની હિસ્ટ્રી, કૂકીઝ, ટેમ્પરરી ફાઇલ વગેરેને દૂર કરવા માટે Ccleaner પ્રકારનો પ્રોગ્રામ પણ ઉપયોગમાં લઇ શકાય.

## Techie Teacher : Password Protection

### સેવ કરેલ પાસવર્ડને *માંથી ટેક્સટમાં ફેરવવાની રીત

- સામાન્ય રીતે આપણા પર્સનલ કમ્પ્યૂટરમાં આપણે પાસવર્ડને સેવ કરીને રાખતાં હોઇએ છીએ, જેથી પાસવર્ડ યાદ રાખવામાંથી મુક્તિ મળે. જ્યારે તે વેબસાઇટ ખોલી લોગઇન નામ નાખવામાં આવે તો આપોઆપ *(Asterisk) સ્વરૂપે પાસવર્ડ જોવા મળે છે. જે લાંબા ગાળે આપણે ભૂલી જઇએ તેવું બને. ઘણી વખત કમ્પ્યૂટર ફોર્મેટ કરવું પડે કે અન્ય કોઇ જગ્યાએ લોગઇન થવું હોય ત્યારે મુશ્કેલી ઊભી થાય તેવું બને. જો તમે *સ્વરૂપે સેવ કરેલ પાસવર્ડને ટેક્સ્ટમાં ફેરવવા ઇચ્છતા હોવ તો નીચે આપેલ પગલાંઓને અનુસરો.
- લોગઇન પેજમાં *સ્વરૂપે જોવા મળતાં પાસવર્ડને પસંદ કરી તેના પર રાઇટ ક્લિક કરો. તેમાંથી Inspect element વિકલ્પ પસંદ કરો. વેબ બ્રાઉઝરના નીચેના ભાગમાં જોવા મળતાં કોડીંગમાં input type="pasword" માં password ની જગ્યાએ text ટાઇપ કરી એન્ટર આપતાં પાસવર્ડ *ની જગ્યાએ ટેક્સ્ટ સ્વરૂપે જોવા મળે છે.

### ભૂલાઇ ગયેલા પાસવર્ડને પાછો મેળવવાની રીત

- તમે સેવ કરેલા પાસવર્ડને ટેક્સ્ટ સ્વરૂપમાં ફેરવવા માટે Asterisk Logger પ્રકારનો પ્રોગ્રામ ખૂબ જ ઉપયોગી થશે.
- જો તમે પાસવર્ડ ભૂલી ગયા હોવ તો http://www.lostpassword.com વેબસાઇટ પર ઉપલબ્ધ Asterisk Key પ્રકારના સોફ્ટવેરની મદદથી તેને પાછો મેળવી શકાય છે.
- ઓનલાઇન પાસવર્ડ પાછો મેળવવા માટે Password Vierwer સોફ્ટવેરને http://www.itsamples.com/index.html વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાય છે.

### જાણો અને માણો

કમ્પ્યૂટરમાં વિવિધ પ્રકારની ફાઇલ અને ફોલ્ડરનો સંગ્રહ કરવા માટે આપણે ફોલ્ડર બનાવીએ છીએ, પરંતુ જાણીને નવાઇ લાગશે કે વિન્ડોઝમાં **CON** નામથી ફોલ્ડર બની શકતું નથી... પ્રયત્ન કરી જુઓ ???



- Tejas Thakkar
Visit me : www.tejasthakkar.com
E-mail : tejas@tejasthakkar.com

## Quiz Contest Winners - SEP 2012

| | | |
|---|---|---|
| **1st WINNER :** KOMAL PANDYA | BHAVNAGAR | 5103/TNT536/Jan-13 |
| **2nd WINNER :** JPINA CHHATRALA | RAJKOT | 3629/952/April-14 |
| **3rd WINNER :** RAJ B PARMAR | RAJKOT | 3540/913/dec-13 |

**Ten Consolation Prize's Winners :**

| | | |
|---|---|---|
| 1. DHRUVIT T SHAH | BHAVNAGAR | 3613/TNT5796/Dec-13 |
| 2. RAJ B PARMAR | RAJKOT | 3540/913/dec-13 |
| 3. AZHARUDDIN G DHERA | JUNAGADH | 3470/TNT927/Nov-12 |
| 4. SUNIL MAKWANA | BHAVNAGAR | 3278/823/Aug-13 |
| 5. SMART COMPUTER ACADEMY | RAJKOT | 1259/284/Dec-12 |
| 6. JIGNESH J SHAH | AHMEDABAD | 3127/TNT5476/MAY-13 |
| 7. AJAY V SARVAIYA | VADODARA | 3646/958/JUN-14 |
| 8. HITESH S. BILAKHIYA | SAVARKUNDLA | 3659/965/JUL-14 |
| 9. JIGNESH S PRAJAPATI | AHMEDABAD | 1724/TNT5057/FEB-13 |
| 10. NARENDRA V VASUKIYA | BHUJ | 2915/TNT4710/Jan-14 |

**Five Consolation Prize's Winners :**

| | | |
|---|---|---|
| 1. SARTHAK A THAKAR | SAVARKUNDLA | 3641/TNT5979/Jun-14 |
| 2. NEELABEN NIRANJAN THAKKAR | BHAVNAGAR | 2756/TNT5112/FEB-14 |
| 3. MAYANK SHASHTRI | VADODARA | 5559/TNT237/Dec-13 |
| 4. SANTOSH PATEL | AHMEDABAD | 1202/237/Nov-12 |
| 5. ADARSH PATEL | VADODARA | 3656/TNT5986/Jul-14 |